આણંદ, નડિયાદ અને લુણાવાડામાં સરદાર પટેલની જન્મજયંતી નિમિત્તે 'રન ફોર યુનિટી' યોજાઈ

આણંદ જિલ્લાના કરમસદ ખાતે અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી અને 'રાષ્ટ્રીય એકતા દિવસ' ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લાના પ્રભારી મંત્રી સંજયસિંહ મહિડાની અધ્યક્ષતામાં યોજાયેલી 'રન ફોર યુનિટી' ને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. કરમસદ સ્થિત ઐતિહાસિક સરદાર પટેલ મેમોરિયલથી શરૂ થયેલી આ એકતા દોડ નગરના માર્ગો પરથી પસાર થઈને સરદાર સાહેબના નિવાસસ્થાને પહોંચી પૂર્ણ થઈ હતી. ગગનભેદી નારાઓ સાથે ઉત્સાહભેર જોડાયેલા નગરજનોએ સરદાર સાહેબને અંજલિ અર્પી દેશની એકતા અને અખંડિતતાના શપથ લીધા હતા. આ પ્રસંગે કરમસદ - આણંદ મનપાના મેયર દીપીકાબહેન પટેલ, કારોબારી ચેરમેન મયુર સુથાર, કલેકટર ઉત્સવ ગૌતમ, જિલ્લા વિકાસ અધિકારી દૈવાહુતિ સહિત અધિકારીઓ, આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના સંદેશ સાથે જિલ્લા પ્રભારીમંત્રી રમણભાઈ સોલંકીની આગેવાનીમાં 'રન ફોર યુનિટી'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલ સહિતના મહાનુભાવોએ ઇપ્કોવાલા હોલ ખાતેથી લીલી ઝંડી દર્શાવી રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું, જેમાં ૮ હજારથી વધુ એકતા પ્રેમીઓ જોડાયાં હતાં. સેવા જ્યોતિ સર્કલથી શરૂ થયેલી એક કિલોમીટરની આ રેલી સરદાર પટેલના જન્મસ્થળ દેસાઈ વગા પહોંચી હતી, જ્યાં મહાનુભાવોએ પ્રતિમાને પુષ્પાંજલિ અને સુતરની આંટી અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપી હતી. આ રેલીમાં નડિયાદના ધારાસભ્ય પંકજભાઈ દેસાઈ, નડિયાદ મહાનગરપાલિકાના મેયર મનીષભાઈ પટેલ, નાયબ મેયર કલ્પેશભાઈ રાવળ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરાગભાઈ બારોટ સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી પ્રસંગે મહીસાગર પોલીસ દ્વારા પ્રભારી મંત્રી પી. સી. બરંડાની અધ્યક્ષતામાં લુણાવાડા ખાતે 'રન ફોર યુનિટી'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના પ્રારંભે મહાનુભાવોએ સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા જાળવવાના શપથ ગ્રહણ કર્યા હતા. આ પ્રસંગે સ્થાનિક રાજવીઓનું સન્માન કરાયા બાદ મહિલા પોલીસ ચોકીથી વાસિયા પોલીસ મથક સુધી યોજાયેલી એકતા દોડમાં પોલીસ જવાનો અને નગરજનો ઉત્સાહભેર જોડાયા હતા. આ કાર્યક્રમમાં ડી.આઈ.જી. વિધિ ચૌધરી, કલેક્ટર અર્પિત સાગર, ડીડીઓ યુવરાજ સિદ્ધાર્થ અને એસ.પી. સફીન હસન સહિતના ઉચ્ચ અધિકારીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

મહેળાવમાં પિતા-પુત્રોએ કિંમતીજમીનપચાવીપાડી

અઢી દાયકાથી કબ્જો
જમાવી બેઠેલા શખ્સો સામે ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) પેટલાદ તા.૩૧

પેટલાદ તાલુકાના મહેળાવ ગામે ખેડૂત પરિવારે વર્ષ ૨૦૦૦માં કાયદેસર દસ્તાવેજથી ખરીદેલી ૧.૩૭ હેક્ટર જમીન પર ૨૬ વર્ષથી ગેરકાયદે કબ્જો જમાવી બેઠેલા પિતા અને બે પુત્રો વિરુદ્ધ મહેળાવ પોલીસે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે.

મહેળાવ ગામના ગોળવાળો કૂવો વિસ્તારમાં રહેતા ૫૨ વર્ષીય ખેડૂત બળવંતભાઈ મગનભાઈ રાઠોડ, તેમના ભાઈઓ અને સ્વર્ગસ્થ પિતા મગનભાઈ રાઠોડે મોજે મહેળાવ મથુરપુરા સીમમાં આવેલી જૂની શરતની જમીન વર્ષ ૨૦૦૦ના રોજ રૂ. ૩.૩૧ લાખ ચૂકવીને ખરીદી હતી. આ જમીનની સરકારી રેકર્ડ પર નોંધ પણ પડી ગઈ હતી.

જોકે, જમીન ખરીદ્યા બાદ સ્થાનિક વિઠ્ઠલસિંહ મોહનસિંહ વાઘેલા અને તેમના બે પુત્રો રણજીતસિંહ વિઠ્ઠલસિંહ વાઘેલા તથા પ્રવિણસિંહ વિઠ્ઠલસિંહ વાઘેલાએ આ જમીન પર ગેરકાયદે કબ્જો જમાવી દીધો હતો. આ શખસોએ જમીન પચાવી પાડવાના બદઈરાદાથી ગણોત કેસ તેમજ સિવિલ કોર્ટમાં દાવા કર્યા હતા. જોકે, કાનૂની લડતમાં ગણોતિયા હોવાનું પુરવાર કરી શક્યા નહોતા અને તેમની તમામ અરજીઓ ફગાવી દેવાઈ હતી. આમ છતાં જમીન પર કબ્જો ચાલુ રાખ્યો હતો. આખરે આ અંગે કલેક્ટર કચેરીમાં અરજી કરતાં કલેક્ટરે ગુનો નોંધવા હુકમ કર્યો હતો.

ડાકોરમાં પોલીસની નાકાબંધી જોઈ બકરા ચોરે બ્રિજ પરથી કૂદકો માર્યો

ઠાસરાથી બકરા ચોરી
કારમાં નડિયાદ જતી ગેંગને પોલીસે આંતરી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩૧

યાત્રાધામ ડાકોર ખાતે બ્રિજ પર પોલીસ નાકાબંધી દરમિયાન પકડાવાના ડરે એક બકરા ચોરે બ્રિજ પરથી સીધી નીચે છલાંગ લગાવી દેતાં તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. પોલીસે ઈજાગ્રસ્તને સારવાર અર્થે હોસ્પિટલ મોકલી આપી કારમાં સવાર અન્ય બે સાગરીતોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઠાસરા પંથકમાંથી કેટલાક શખ્સો બકરાની ચોરી કરીને કારમાં નડિયાદ તરફ જઈ રહ્યા હોવાની ચોક્કસ બાતમી ડાકોર પોલીસને મળી હતી. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક ડાકોર બ્રિજ પર સઘન નાકાબંધી ગોઠવી દીધી હતી. તે દરમિયાન બાતમી મુજબની કાર બ્રિજ પરથી પસાર થતાં પોલીસે તેને અટકાવવાનો પ્રયાસ કર્યો હતો.

અચાનક પોલીસનું ચેકિંગ જોઈને ભાંડો ફૂટી જવાના ડરથી કારમાં સવાર એક આરોપીએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો અને કોઈ જ વિચાર કર્યા વગર સીધો ડાકોર બ્રિજ પરથી નીચે કૂદકો મારી દીધો હતો. ખૂબ ઊંચાઈ પરથી નીચે પટકાવાના કારણે આ શખ્સને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

આ ઘટના બાદ પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને ગંભીર રીતે ઘવાયેલા આરોપીને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે ડાકોરની સરકારી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. આ સાથે જ કારમાં સવાર અન્ય બે સાગરીતોને પોલીસે સ્થળ પરથી જ દબોચી લીધા હતા.

પ્રાથમિક તપાસમાં પકડાયેલા અને ઈજાગ્રસ્ત થયેલા ત્રણેય આરોપીઓ નડિયાદના રહેવાસી હોવાનું ખુલ્યું છે. ડાકોર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર ભરત પટેલના જણાવ્યા મુજબ, પોલીસે બનાવ અંગે ગુનો નોંધીને પકડાયેલા શખ્સો અગાઉ અન્ય કોઈ ગુનામાં સંડોવાયેલા છે કે કેમ તે અંગે સઘન તપાસ શરૂ કરી છે.

આણંદનાવૃંદાવનગ્રાઉન્ડમાં 'સ્વદેશીમેળો'નોપ્રારંભથયો

(પ્રતિનિધિ) આણંદ તા.૩૧

ગુજરાત અર્બન લાઈવલીહુડ મિશન અને કરમસદ-આણંદ મહાનગરપાલિકા દ્વારા વૃંદાવન ગ્રાઉન્ડ ખાતે આયોજિત 'સ્વદેશી મેળો-૨૦૨૬'નો પ્રારંભ જિલ્લાના પ્રભારી મંત્રી સંજયસિંહ મહિડા દ્વારા કરવામાં આવ્યો હતો. તેઓએ જિલ્લાના નાગરિકોને મેળાની મુલાકાત લઈ સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા અને સ્વદેશી વસ્તુઓ ખરીદવા જાહેર અપીલ કરી છે.

આ આયોજનનો મુખ્ય ઉદ્દેશ સ્થાનિક કારીગરો, સ્વસહાય જૂથો અને નાના ઉદ્યોગસાહસિકોને ઉત્પાદનોના પ્રદર્શન તથા વેચાણ માટે યોગ્ય મંચ પૂરું પાડવાનો છે. આ પહેલથી સ્થાનિક કક્ષાએ રોજગારીનું સર્જન થશે. મેળામાં સખી મંડળની બહેનો દ્વારા તૈયાર કરાયેલી સ્વદેશી વસ્તુઓ અને ૬૦ જેટલા સ્ટોલ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યા છે, જે આત્મનિર્ભરતાના સંકલ્પને સાકાર કરે છે.

સોજિત્રા પાલિકાની સભામાં ૭ કામોને બહુમતીથી મંજૂરી

નગરપાલિકાના
કર્મચારીઓનો જીવન વીમો ઉતારવાનો મહત્વનો નિર્ણય

(પ્રતિનિધિ) સોજીત્રા તા ૩૧

સોજિત્રા નગરપાલિકાના પ્રમુખ રીંકુબેન પટેલ અને ચીફ ઓફિસર પાર્થ પરમારના અધ્યક્ષસ્થાને નગરપાલિકાના સભાખંડમાં સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં ભાજપના ૧૩ અને વિપક્ષના ૯ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં ગત સામાન્ય સભાના ઠરાવોને બહાલી આપવા સહિત વિવિધ વહીવટી અને વિકાસલક્ષી મુદ્દાઓ પર ચર્ચા કરી એજન્ડાના કુલ સાત કામોને બહુમતીથી મંજૂરી આપવામાં આવી હતી.

સામાન્ય સભામાં નગરપાલિકાના વેરા દફતરે આવેલી નવી આકારણી તેમજ મિલકતોના નામ ટ્રાન્સફર અંગેની અરજીઓ પર નિર્ણય લેવામાં આવ્યો હતો. ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ ૪૫(ઘ) હેઠળ વિવિધ બિલોની ચૂકવણી મંજૂર કરવામાં આવી હતી. આ ઉપરાંત નગરપાલિકાના ત્રિમાસિક હિસાબો અને ખર્ચની વિગતોને પણ મંજૂરી આપવામાં આવી હતી.

બેઠકમાં સૌથી મહત્વનો નિર્ણય નગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારીઓનો જીવન વીમો ઉતારવાનો લેવામાં આવ્યો હતો. જેમાં કાયમી, રોજમદાર સહિત પાલિકામા ફરજ બજાવતા કર્મચારીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. નગરપાલિકા દ્વારા કર્મચારીઓના હિતમાં લેવાયેલા આ નિર્ણયથી કર્મચારીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

આ ઉપરાંત શહેરના વિકાસને લગતા વિવિધ ગ્રાન્ટ હેઠળ નક્કી કરાયેલા કામો સહિત એજન્ડામાં સમાવિષ્ટ સાત દરખાસ્તોને બહુમતીથી મંજૂરી આપવામાં આવી હતી.

આમ, સામાન્ય સભામાં વહીવટી કામગીરીની સાથે કર્મચારીઓના હિત અને શહેરના વિકાસને લગતા મુદ્દાઓને પણ પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું.

આંકલાવના ઉમેટા પાસે યુવકે નદીમાં ઝંપલાવ્યું

અંધારા વચ્ચે ફાયર
બ્રિગેડ અને માછીમારો દ્વારા શોધખોળ શરૂ

(પ્રતિનિધિ) આંકલાવ તા. ૩૧

આંકલાવ તાલુકાના ઉમેટા ખાતે મહીસાગર નદીમાં રાત્રિના સમયે એક અજાણ્યા યુવકે અચાનક મોતની છલાંગ લગાવતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. આ બનાવની જાણ થતાં જ આંકલાવ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. અંધારા અને પાણીના પ્રવાહ વચ્ચે આણંદ ફાયર બ્રિગેડ તથા સ્થાનિક માછીમારોની મદદથી યુવકની નદીમાં શોધખોળ શરૂ કરવામાં આવી છે.

આંકલાવના ઉમેટા મહીસાગર નદીના પુલ પરથી એક યુવકે રાત્રિના સમયે અચાનક નદીમાં ઝંપલાવ્યું હતું. અંધારા અને નદીના ઝડપી પ્રવાહના કારણે યુવકનો કોઈ પત્તો લાગ્યો નથી તેમજ તેનો મૃતદેહ પણ મળી આવ્યો નથી. આ યુવકને શોધવા માટે આણંદ ફાયર ફાઈટર બ્રિગેડની ટીમ અને સ્થાનિક માછીમારોની મદદ લઈને નદીમાં સઘન તપાસ ચલાવાઈ રહી છે.

મહીસાગર નદીમાં છેલ્લાં માત્ર એક જ અઠવાડિયા દરમિયાન ત્રણ જેટલા લોકો દ્વારા મોતની છલાંગ લગાવવાની ઘટનાઓ સામે આવતાં અરેરાટી વ્યાપી ગઈ છે. યુવકે છલાંગ લગાવ્યાની જાણ થતાં જ મોટી સંખ્યામાં સ્થાનિક લોકોના ટોળેટોળાં નદી કિનારે ઉમટી પડ્યા હતા. યુવકે કયા કારણોસર આ આત્મઘાતી પગલું ભર્યું ? તે અંગે હજુ સુધી કોઈ સચોટ માહિતી મળી શકી નથી.

ખેડામાંમિલકતજપ્તીનાડરથી આરોપીએ આત્મસમર્પણ કર્યું

ત્રણ મહિનાથી
ભૂગર્ભમાં ઉતરી ગયેલો છેતરપિંડીનો આરોપી માતર પોલીસ મથકે સરેન્ડર કર્યું

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩૧

માતર પોલીસ મથકમાં નોંધાયેલા છેતરપિંડી અને સાપરાધ કાવતરાના ગુનામાં છેલ્લા ઘણા સમયથી નાસતા ફરતા ગોબલજના મુખ્ય આરોપી સિરાજુદ્દીન સૈયદે ખેડા એલસીબી દ્વારા હાથ ધરાયેલી મિલકત જપ્તીની કડક કાયદાકીય પ્રક્રિયાના પગલે ફફડી ઉઠીને સામે ચાલીને માતર પોલીસ સમક્ષ આત્મસમર્પણ કરી દીધું છે.

અમદાવાદના ફતેહવાડી વિસ્તારમાં રહેતા ફરિયાદીએ સોખડાના અશોક પરમાર તથા ગોબલજના આમિરમીંયા સૈયદ અને સિરાજુદ્દીન સૈયદ સામે 17 જુલાઈ 2026ના રોજ માતર પોલીસ સ્ટેશનમાં છેતરપિંડી અંગે ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં પોલીસે અગાઉ બે આરોપીઓની ધરપકડ કરી લીધી હતી, પરંતુ મુખ્ય આરોપી સિરાજુદ્દીન સૈયદ પોતાનો મોબાઈલ બંધ કરી ફરાર થઈ ગયો હતો.

ખેડા જિલ્લા પોલીસ અધિક્ષક અને અમદાવાદ રેન્જ આઈજીની સૂચનાથી ખેડા એલસીબીએ આરોપીને ઝડપવા તપાસ તેજ કરી હતી. જોકે, આરોપીએ હાઈકોર્ટમાં આગોતરા જામીન અને એફઆઈઆર રદ કરવાની અરજીઓ કરી હતી, પરંતુ પોલીસે અદાલત સમક્ષ અહેવાલ રજૂ કરી બીએનએસએસ કલમ 72 હેઠળ ધરપકડ વોરંટ મેળવ્યું હતું. આરોપી હાજર ન થતાં બીએનએસએસ કલમ 84 મુજબ ફરાર જાહેર કરી ઉદ્ઘોષણાની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

સતત કાયદાકીય કાર્યવાહી બાદ પણ આરોપી ગેરહાજર રહેતાં પોલીસે બીએનએસએસ કલમ 85 હેઠળ 26 ઓક્ટોબર 2026ના રોજ તેની મિલકત જપ્તીની કાર્યવાહી નક્કી કરી હતી. ઘરની મિલકત જપ્ત થઈ જવાની દહેશત ઊભી થતાં આખરે સિરાજુદ્દીન સૈયદે જપ્તીના એક દિવસ અગાઉ એટલે કે 25મી ઓક્ટોબરે માતર પોલીસ મથકે પહોંચી સામે ચાલીને સરન્ડર કર્યું હતું.

કપડવંજમાં ચેક બાઉન્સ થતા સજા

(પ્રતિનિધિ) કપડવંજ તા.૩૧

કપડવંજના મોટીઝેરમાં રહેતા નરેશભાઈ બાબુભાઈ બારોટ દ્વારા અરવિંદભાઈ ઝાલા (રહે. મોટીઝેર) સામે રૂ. પાંચ લાખના ચેક અંગે કાયદેસરની અદાલતી ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ કેસમાં ફરિયાદી તરફે વકીલ એન. કે. પટેલ દ્વારા રજૂ કરવામાં આવેલી ધારદાર દલીલો તથા કાયદાકીય મુદ્દાઓને ધ્યાને રાખીને કોર્ટે અરવિંદભાઈ ઝાલાને એક વર્ષની સાદી કેદની સજા સંભળાવી છે તથા ફરિયાદીને રૂ. પાંચ લાખનું વળતર ચૂકવવાનો આદેશ કર્યો છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

સરદાર સાહેબે દેશને એક કર્યો, આપણે તેને શ્રેષ્ઠ બનાવવાનો છે

પૂર્વ કેન્દ્રિય મંત્રી
પુરૂષોત્તમ રૂપાલાની હાજરીમાં 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણી કરાઇ

(પ્રતિનિધિ) આણંદ તા.૩૧

'સરદાર વલ્લભભાઈ પટેલે આઝાદી બાદ દેશને એક કર્યો છે. પરંતુ આપણી સૌ કોઈની જવાબદારી હવે દેશને શ્રેષ્ઠ બનાવવાની છે.' તેમ પૂર્વ કેન્દ્રિય મંત્રી પુરૂષોત્તમ રૂપાલાએ સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા 'સરદાર યુનિટી ક્વિઝ' સહિત વિવિધ શૈક્ષણિક પ્રકલ્પોના લોકાર્પણ પ્રસંગે જણાવ્યું હતું.

દેશને અખંડતા અને એકસૂત્રતા પ્રદાન કરનારા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી તથા 'રાષ્ટ્રીય એકતા દિવસ' નિમિત્તે સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર ખાતે મહેસૂલ મંત્રી સંજયસિંહ મહિડા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલાની વિશેષ ઉપસ્થિતિમાં વિવિધ કાર્યક્રમો તેમજ 'સરદાર એકતા યાત્રા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પુરુષોત્તમ રૂપાલાએ સરદાર પટેલની આવડત અંગે યુવાનોને સંબોધતા જણાવ્યું હતું કે, દેશ આઝાદ થયો તે સમયે રજવાડાઓને ત્રણ વિકલ્પ આપ્યાં હતાં. ભારતમાં જોડાવવાનો, પાકિસ્તાનમાં જોડાવવાનો અથવા સ્વતંત્રત દેશ રાખવો. ભારતમાં જોડાવવા માટે જે તે રાજાની સંધીમાં સહી જરૂરી હતી. જુનાગઢના કિસ્સામાં નવાબ પાકિસ્તાન ભાગી ગયાં હતાં. આથી, મહારાષ્ટ્રમાં પ્રથમ આરજી હકુમતની સ્થાપના કરવામાં આવી હતી. જેના અધ્યક્ષ શામળદાસ હતાં. જેઓએ જુનાગઢ પર ચઢાઇ કરી તેને જીતી લીધું હતું.

બાદમાં પોતાને રાજા જાહેર કરી જુનાગઢને ભારતમાં ભેળવ્યું હતું. આમ સરદાર પટેલની કુનેહ અને આવડતથી જુનાગઢ પાકિસ્તાનમાં જતું બચી ગયું હતું.

વધુમાં ઉમેર્યું હતું કે, જુનાગઢને ભારતમાં ભેળવ્યાં બાદ તેઓ સોમનાથ દર્શન કરવા ગયાં હતાં. તે સમયે જગ્યા પરની પરિસ્થિતિ જોઇ તેઓએ તે સમયે જ જીર્ણોદ્ધાર કરવાના શપથ લીધાં હતાં. જેના પગલે આજે આપણે ભવ્ય સોમનાથ મંદિરના દર્શન કરી શકીએ છે. આ ઉપરાંત દિલ્હી વિધાનસભાના સ્પીકર આસન પર સુશોભિત વિઠ્ઠલભાઈ પટેલની છબીનો ઉલ્લેખ કરી તેને સમગ્ર ગુજરાત માટે ગૌરવની બાબત ગણાવી હતી. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલપતિ પ્રો. નિરંજન પટેલ, આણંદના સાંસદ મિતેશભાઈ પટેલ, ધારાસભ્ય યોગેશ પટેલ સહિત શિક્ષણવિદો, અધ્યાપકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સેમિકન્ડક્ટર લેબ અને ભવનનું લોકાર્પણ કરાયું

સરદાર પટેલ યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગ ખાતે અત્યાધુનિક સેમિકન્ડક્ટર લેબ તેમજ Section-8 કંપની 'સરદાર પટેલ સ્ટાર્ટઅપ એન્ડ એન્ટરપ્રેન્યોરશિપ કાઉન્સિલ' ના નવનિર્મિત ભવનનું મહાનુભાવોના હસ્તે ઉદ્ઘાટન કરાયું હતું. આ સંસ્થાન યુવા સંશોધકોને 'જોબ સીકર'ના બદલે 'જોબ ક્રિએટર' બનાવી આત્મનિર્ભર ભારતના નિર્માણમાં મદદરૂપ થશે. સુરતની 'ક્વોડક્વોન્ટમ પ્રાઇવેટ લિમિટેડ' કંપનીના સીઈઓ બ્રિજેશભાઈ ડાંખરા અને ડાયરેક્ટર જીવરાજભાઈ ડાંખરા દ્વારા સેમિકન્ડક્ટર લેબ નિર્માણ, સ્કોલરશીપ અને ગોલ્ડ મેડલ માટે યુનિવર્સિટીને રૂ. ૫૧ લાખનું માતબર અનુદાન અર્પણ કરાતા યુનિવર્સિટી દ્વારા તેમનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.